તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પરીક્ષા પદ્ધતિમાં પ્રશ્નપત્રનું માળખુ સુધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૬/૧૨/૨૦૨૫

**વંચાણે લીધા:-**

સા.વ.વિભાગનો તા.૦૮/૧૧/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક

**પ્રસ્તાવના:**

ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવથી તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના પરીક્ષા નિયમો નક્કી થયા ન હોય તેવા સંવર્ગોની પરીક્ષા પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે.

આ પરીક્ષા કુલ-૨૧૦ ગુણના એક પ્રશ્નપત્રથી લેવામાં આવે છે. આ પ્રશ્નપત્ર બે ભાગ એટલેકે Part-A (૬૦ ગુણ) અને Part-B (૧૫૦ ગુણ)માં તૈયાર કરવામાં આવે છે. Part-A Part-B એમ બંને ભાગ માટે સ્વતંત્ર લાયકી ધોરણ નિયત કરવાનું રહે છે. ઉકત પ્રશ્નપત્રના માળખાની સમીક્ષા કરી તેમાં જરૂરી સુધારા કરવા અંગેની બાબત સરકારશ્રીનાં વિચારણા હેઠળ હતી. જે અન્વયે પુખ્ત વિચારણાના અંતે પ્રશ્નપત્રના માળખા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

**ઠરાવ:**

તાંત્રિક તેમજ બિનતાંત્રિક [ખાસ વિષય/વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા], વર્ગ-૩ ના સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષા Part-A અને Part-B એમ બે ભાગના એક પ્રશ્નપત્રથી લેવામાં આવશે. આ પ્રશ્નપત્રના Part-A અને Part-B નું માળખુ આ મુજબ રહેશે:



Zone-93
Scanned with OKEN Scanner

## Part-A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટી, Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટી | ૩૦ |
| ૩ | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

## Part-B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

વંચાણે લીધેલ સા.વ.વિ.ના તા.૦૮/૧૧/૨૦૨૩ના ઠરાવની અન્ય તમામ જોગવાઇ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રોનક મહેતા)
સંયુકત સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન .રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન .મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન .મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રીઓ.
- મુખ્યસચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર
- ➢ રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (પ્રધાન મહાલેખાકારશ્રી), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

Shri M. H. Patel Gramseva
Zone-93
Ta.Siddhpur
Dist.

Scanned with OKEN Scanner

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- મહાનિદેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો) તેઓની હેઠળ આવતા સર્વે ખાતાના વડાઓ તથા ખાતાના વડા હેઠળની કચેરીઓને ઉપર્યુક્ત સૂચનાઓની જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ.(
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,GSWAN ઉપર પ્રસિદ્ધિ અર્થે.

➢ નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ/શાખા પસંદગી ફાઈલ

➢ પત્ર દ્વારા

Shri M.H. Patel Gramseva
Zone-93
Code-54
Ta.Sidhpur
Dist. Patan
Samoda

Scanned with OKEN Scanner